## FORM-A

| IN THE COURT OF THE 3rd ADDITIONAL SESSIONS JUDGE, DAHOD.<br><br>Present : 3rd Additional Sessions Judge<br>(Date of Judgment :06-03-2026)<br>**( S.C.No.44/2024)**<br>(Garbada Police Station I part Cr. No. 35/1992 Section 143,147,148,149,396,397 of Indian Panel Code & Section 135 of B.P.Act. | |
|---|---|
| COMPLAINANT | STATE OF GUJARAT |
| REPRESENTED BY | Ld. A.P.P. Ms. T.R.Soni |
| ACCUSED | Madiyabhai @ Nuriya Samsubhai Sangadiya. |
| REPRESENTED BY | Ld. Advocate Mr. A.R.Chauhan |

## FORM-B

| | |
|---|---|
| Date of Offence | 01-04-1992 |
| Date of FIR | 02-04-1992 |
| Date of Charge sheet | 20-05-2024 |
| Date of Framing of Charges | 24-07-2025 |
| Date of Commencement of evidence | 02-03-2026 |
| Date on which Judgment is reserved | 06-03-2026 |
| Date of the Judgment | 06-03-2026 |
| Date of the Sentencing Order, if any | NA |

## Accused Details

| No | Name of Accused | Date of Arrest | Date of Release on Bail | Offences charged with | Whether Acquitted or convicted | Sentence Imposed | Period of Detention Undergone during Trial for purpose of Section 428 Cr.P.C. |
|---|---|---|---|---|---|---|---|
| 1 | Madiyabhai @ Nuriya Samsubhai Sangadiya. | 17-04-23 | 31-05-24 | Section 143,147,148,149,396,397 of Indian Panel | Acquitted | _ | _ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | Code & Section 135 of B.P.Act. | | | |

## FORM-C
## LIST OF PROSECUTION/DEFENCE/COURT WITNESSES

A. Prosecution:

| RANK | Exhibit Number | NAME | NATURE OF EVIDENCE (EYE WITNESS, POLICE WITNESS, EXPERT WITNESS, MEDICAL WITNESS, PANCH WITNESS, OTHER WITNESS) |
|---|---|---|---|
| PW-1 | 34 | Jagdishbhai Laljibhai Patel | Investigation Officer |

B. Defence Witness, if any :

| RANK | NAME | NATURE OF EVIDENCE (EYE WITNESS, POLICE WITNESS, EXPERT WITNESS, MEDICAL WITNESS, PANCH WITNESS, OTHER WITNESS) |
|---|---|---|
| - | - | - |

C. Court Witness, if any :

| RANK | NAME | NATURE OF EVIDENCE (EYE WITNESS, POLICE WITNESS, EXPERT WITNESS, MEDICAL WITNESS, PANCH WITNESS, OTHER WITNESS) |
|---|---|---|
| - | - | - |

## LIST OF PROSECUTION/DEFENCE/COURT EXHIBITS

A. Prosecution:

| **Sr.No.** | **Exhibit Number** | **Description** |
|---|---|---|
| 1 | Exhibit -08 | Certified copy of the statement of witness no.1 Dr. R.J.Shrivastav in the case of S.C. No. 119/2019 from Exhibit-12 |

| | | |
|---|---|---|
| 2 | Exhibit -09 | Medical certificate of Fatiyabhai. |
| 3 | Exhibit -10 | Certified copy of the statement of witness no.2 Sakrabhai Jumlabhai Palas in the case of S.C. No. 119/2019 from Exhibit-23 |
| 4 | Exhibit -11 | Certified copy of the statement of witness no.3 Fatiyabhai Rasulbhai Palas in the case of S.C. No. 119/2019 from Exhibit-24 |
| 5 | Exhibit -12 | Certified copy of the statement of witness no.4 Bhartabhai Rasulbhai Palas in the case of S.C. No. 119/2019 from Exhibit-25 |
| 6 | Exhibit -13 | Certified copy of the statement of witness no.5 Hirabhai Parsingbhai Gohil in the case of S.C. No. 119/2019 from Exhibit-30 |
| 7 | Exhibit -14 | Panchnama of Body condition of & Seizure of Clothes Accused & Recovery Panchnama. |
| 8 | Exhibit -15 | Certified copy of the statement of witness no.6 Narsingbhai Chaganbhai Bhura in the case of S.C. No. 119/2019 from Exhibit-32 |
| 9 | Exhibit -16 | Certified copy of the statement of witness no.7 Pratapsinh Kuvrasinh Patel in the case of S.C. No. 119/2019 from Exhibit-33 |
| 10 | Exhibit -17 | Copy of Panchnama for the clothes of the injured witness. |
| 11 | Exhibit -18 | Copy of Panchanama of Place of Incident |
| 12 | Exhibit -19 | Copy of Recovery Panchnama. |
| 13 | Exhibit -20 | Copy of Inquest Panchnama. |
| 14 | Exhibit -21 | Copy of Recovery Panchnama. |
| 15 | Exhibit -22 | Copy of Recovery Panchnama. |
| 16 | Exhibit -23 | Certified copy of the statement of witness no.8 Amarsingbhai Devabhai Bamniya in the case of S.C. No. 119/2019 from Exhibit-42 |

| | | |
|---|---|---|
| 17 | Exhibit -24 | Copy of Recovery Panchnama. |
| 18 | Exhibit -25 | Certified copy of the statement of witness no.9 Bharatsinh Kasnabhai Pasaya in the case of S.C. No. 119/2019 from Exhibit-44 |
| 19 | Exhibit -26 | Copy of P.M.Note. |
| 20 | Exhibit -27 | Certified copy of the statement of witness no.10 Ramilaben Kajiyabhai Bhuriya in the case of S.C. No. 119/2019 from Exhibit-47 |
| 21 | Exhibit -28 | Certified copy of the statement of witness no.Jagdishbhai Laljibhai Patel in the case of S.C.No. 119/2019 from Exhibit-51 |
| 22 | Exhibit -29 | Panchnama of Body condition of & Recovery Panchnama. |
| 23 | Exhibit -30 | Complaint. |
| 24 | Exhibit -31 | Panchnama of Body condition of & Arest Panchnama of Accused. |
| 25 | Exhibit -35 | Panchanama of Place of Incident. |
| 26 | Exhibit -36 | Copy of Inquest Panchnama. |
| 27 | Exhibit -37 | Copy of Inquest Panchnama. |
| 28 | Exhibit -38 | Seizure Panchnama of cloths of deceased |
| 29 | Exhibit -39 | Seizure Panchnama of cloths of deceased |

B. Defence :

| Sr. No. | Exhibit Number | Description |
|---|---|---|
| 1. | - | - |

C. Court Exhibits :

| Sr. No. | Exhibit Number | Description |
|---|---|---|
| - | - | - |

D. Material Objects :

| Sr. No. | Material Object Number | Description |
|---|---|---|
| - | - | - |

Date:-06-03-2026 ( Sandipsinh G. Dodiya )
Dahod. 3rd Addl.Sessions Judge, Dahod.
**UIC NO GJ-00902**

રજીસ્ટરે લીધા તારીખ :–૨૦/૦૫/૨૦૨૪
દાખલ તારીખ :– ૨૦/૦૫/૨૦૨૪
ફેંસલ તારીખ :– ૦૬/૦૩/૨૦૨૬
સમય ગાળો :–
વર્ષ : ૦૧, માસ :૦૯, દિવસ : ૧૪

# દાહોદના મહે.ત્રીજા એડીશ્નલ સેશન્સ જજશ્રીની કોર્ટમાં, મુ.દાહોદ.

**સેશન્સ કેસ નં.૪૪/૨૦૨૪**
**આંક :–૪૧**

**શ્રી સરકાર**

**........ફરીયાદી**

*વિરૂધ્ધ*

**મડીયાભાઈ ઉર્ફે નુરીયા સમસુભાઈ સંગાડીયા,**
**ઉં.વ.આ.૫૧, ધંધો–ખેતી,**
**રહે. આંબલી ખજુરીયા, ખાડા ફળીયા,**
**તા.ગરબાડા, જી.દાહોદ.**

**.......આરોપી**

**ગુનો :– ઇ.પી.કો.કલમ–૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૯૬, ૩૯૭ તથા બી.પી. એકટની કલમ–૧૩૫ મુજબ.**

| | |
|---|---|
| ફરીયાદપક્ષ તરફે :– | વિદવાન એ.પી.પી. ટી.આર.સોની |
| આરોપીપક્ષ તરફે :– | વિદવાન વકીલ શ્રી એ.આર.ચૌહાણ |

## –:: <u>જ જ મે ન્ટ</u> ::–

૧. આ કામના ઉપરોક્ત જણાવેલ આરોપી સામે ભારતીય દંડ સંહિતાની કલમ–૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૯૬, ૩૯૭ તથા બી.પી. એકટની કલમ–૧૩૫ મુજબના ગુના સબબનુ તહોમતનામું ફરમાવી કેસની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાનો હુકમ કરેલ અને તે પ્રમાણે તેઓની સામે ઈન્સાફી કાર્યવાહી ચલાવવામાં આવેલ.

૨. **<u>ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત</u>**

આ કામે ગઈ તા.૦૧/૦૪/૧૯૯૨ના રોજ કલાક–૧૬:૦૦ વાગ્યાના સુમારે હાલના આરોપી તથા સહ આરોપીઓ એકસંપ થઈ પોતાનો હેતુ પાર પાડવા સારૂ ગેરકાયદેસર મંડળી બનાવી ફરીયાદીના ફળીયામાં બબકારીઓ કરતા, ગાળો બોલતા, મારક હથિયારો સાથે દોડી આવી કહેલ કે, ધાનપુર વાળા સાઇટમાં બકરા ચોરીમાં તમે અમારા નામો કેમ આપેલ નો વ્હેમ રાખો છો તેમ કહી બબકારી કરતા જઈ તીર કામઠીઓ સાથે હુમલો કરી, કાળીયા મેઘજીને તીર મારી મારી નાખેલ છે અને મેઘજી અબજીનુ માથુ ફાડી નાખી જેનુ સારવાર દરમ્યાન મોત નિપજાવી ફરીયાદી બાઈના ગળામાથી ચાંદીની હાંસડી ૫૦૦ ગ્રામની કિં.રૂા.૪,૦૦૦/–ની લુંટ કરી હથિયારોથી ખુની હુમલો કરી, આરોપીએ ભારતીય દંડ સંહિતાની કલમ–૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૯૬, ૩૯૭ તથા બી.પી. એકટની કલમ–૧૩૫ મુજબની કાયદેસરની ફરીયાદ કરેલ.

૩. **<u>આરોપીની અટક</u> :–**

સદર ગુન્હાના કામે આરોપી મળી આવતાં પોલીસે તા.૦૧/૦૪/૨૦૨૪ના રોજ કલાક–૧૭:૩૦ વાગ્યે અટક કરવામાં આવેલ.

૪. **કમીટલ:–**

આ કામે ચાર્જશીટમાં નોંધાયેલ ગુનાને ધ્યાને લેતાં, ગુનો સેશન્સ ટ્રાયેબલ હોઈ, ગરબાડાના વિ.જયુડી.મેજી.શ્રીનાઓએ સદર કેસની કમીટલ અંગેની સંપૂર્ણ કાર્યવાહી કરી કેસ કમીટ કરી, સેશન્સ કોર્ટમાં મોકલી આપેલ. ત્યાર બાદ કેસ સેશન્સ કોર્ટમાં રજીસ્ટર થયા બાદ તેને સેશન્સ કેસ નં.૪૪/૨૦૨૪ પાડવામાં આવેલ.

૫. **તપાસ અને ચાર્જશીટ :–**

તપાસ કરનાર અમલદાર દવારા ગુનાની ફરીયાદ ગરબાડા પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૩૫/૧૯૯૨થી રજીસ્ટર કરવામાં આવેલ અને ગુનાના સ્થળની મુલાકાત લઈ જરૂરી પંચનામાઓ તૈયાર કરી અને તપાસની કાર્યવાહી દરમ્યાન સાહેદોના લઈ, આરોપીને અટક કરી, ગુનાના કામે આરોપીનુ અટક પંચનામુ કરી આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો હોય તપાસની તમામ કાર્યવાહી પુર્ણ થયા બાદ તપાસ કરનાર અમલદારે આરોપી વિરૂધ્ધનો કેસ સ્પેશ્યલ કોર્ટ સમક્ષ ચાલવા પાત્ર થતો હોય અત્રેની અદાલત સમક્ષ પુરવણી ચાર્જશીટ રજુ કરેલુ.

૬. **<u>ચાર્જ અને પ્લી</u> :–**

આ કામે આરોપી તરફે વિ.વ.શ્રી એ.આર.ચૌહાણ હાજર થયેલા છે અને ત્યારબાદ આંક–૦૪ થી તા.૨૪/૦૭/૨૦૨૫ના રોજ અત્રેની અદાલત દવારા તહોમતનામુ ઘડવામાં આવેલુ અને તે તહોમતનામા અન્વયે આંક–૦૫થી આરોપીની પ્લી રેકર્ડ કરતાં તેઓને ગુનો કબુલ ન હોય અને કેસની કાર્યવાહી આગળ ચલાવવા માંગતા હોય તેવુ જણાવતા હોય કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલી.

૭. ફરીયાદપક્ષે આરોપી વિરૂધ્ધ કેસ પુરવાર કરવા સારૂ નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

**<u>મૌખિક પુરાવા</u> :–**

| અ.નં. | આંક | નામ | સાહેદનો પ્રકાર |
|---|---|---|---|
| ૧. | ૩૪ | જયદીશભાઇ લાલજીભાઇ પટેલ | ત.ક.અમલદાર |

**<u>દસ્તાવેજી પુરાવા</u> :–**

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૦૮ | સેશન્સ કેસ નં.૧૧૯/૧૯ ના કામે સાહેદ નં.૧ ડો.રાજેન્દ્રકુમાર કિશોરીલાલ શ્રીવાસ્તવની આંક–૧૨ થી થયેલ જુબાનીની સર્ટીફાઇડ નકલ. |
| ૨ | ૦૯ | સેશન્સ કેસ નં.૧૧૯/૧૯ ના કામે સાહેદ ફતીયાભાઇ રસુલભાઇ પલાસના મેડીકલ સર્ટીફિકેટની નકલ. |
| ૩ | ૧૦ | સેશન્સ કેસ નં.૧૧૯/૧૯ ના કામે સાહેદ નં.ર શકરાભાઇ જુમલાભાઇ પલાસની આંક–ર૩ થી થયેલ જુબાનીની સર્ટીફાઇડ નકલ. |
| ૪ | ૧૧ | સેશન્સ કેસ નં.૧૧૯/૧૯ ના કામે સાહેદ નં.૩ ફતીયાભાઇ રસુલભાઇ પલાસની આંક–ર૪ થી થયેલ જુબાનીની સર્ટીફાઇડ નકલ. |
| ૫ | ૧ર | સેશન્સ કેસ નં.૧૧૯/૧૯ ના કામે સાહેદ નં.૪ ભારતાભાઇ રસુલભાઇ પલાસની આંક–ર૫ થી થયેલ જુબાનીની સર્ટીફાઇડ નકલ. |
| ૬ | ૧૩ | સેશન્સ કેસ નં.૧૧૯/૧૯ ના કામે સાહેદ નં.૫ હીરાભાઇ પારસીંગભાઇ ગોહિલની આંક–૩૦ થી થયેલ જુબાનીની સર્ટીફાઇડ નકલ. |
| ૭ | ૧૪ | સેશન્સ કેસ નં.૧૧૯/૧૯ ના કામે રજુ થયેલ આરોપીઓની શરીરસ્થિતિ તથા મુદ્દામાલ કબજે લીધેલાના પંચનામાની નકલ. |
| ૮ | ૧૫ | સેશન્સ કેસ નં.૧૧૯/૧૯ ના કામે સાહેદ નં.૬ નરસીંગભાઇ છગનભાઇ ભુરાની આંક–૩ર થી થયેલ જુબાનીની સર્ટીફાઇડ નકલ. |
| ૯ | ૧૬ | સેશન્સ કેસ નં.૧૧૯/૧૯ ના કામે સાહેદ નં.૭ પ્રતાપસિંહ કુંવરાભાઇ પટેલની આંક–૩૩ થી થયેલ |

| | | |
|---|---|---|
| | | જુબાનીની સર્ટીફાઇડ નકલ. |
| ૧૦ | ૧૭ | સેશન્સ કેસ નં.૧૧૯/૧૯ ના કામે રજુ થયેલ ઈજા પામનાર સાહેદના કપડાં કબજે લીધેલાના પંચનામાની નકલ. |
| ૧૧ | ૧૮ | સેશન્સ કેસ નં.૧૧૯/૧૯ ના કામે રજુ થયેલ ગુન્હાવાળી જગ્યાના પંચનામાની નકલ. |
| ૧૨ | ૧૯ | સેશન્સ કેસ નં.૧૧૯/૧૯ ના કામે રજુ થયેલ મુદ્દામાલ કબજે લીધેલાના પંચનામાની નકલ. |
| ૧૩ | ૨૦ | સેશન્સ કેસ નં.૧૧૯/૧૯ ના કામે રજુ થયેલ ઈન્કવેસ્ટ પંચનામાની નકલ. |
| ૧૪ | ૨૧ | સેશન્સ કેસ નં.૧૧૯/૧૯ ના કામે રજુ થયેલ મુદ્દામાલ કબજે લીધેલાના પંચનામાની નકલ. |
| ૧૫ | ૨૨ | સેશન્સ કેસ નં.૧૧૯/૧૯ ના કામે રજુ થયેલ મુદ્દામાલ કબજે લીધેલાના પંચનામાની નકલ. |
| ૧૬ | ૨૩ | સેશન્સ કેસ નં.૧૧૯/૧૯ ના કામે સાહેદ નં.૮ અમરસીંગભાઈ દેવાભાઈ બામણીયાની આંક-૪૨ થી થયેલ જુબાનીની સર્ટીફાઇડ નકલ. |
| ૧૭ | ૨૪ | સેશન્સ કેસ નં.૧૧૯/૧૯ ના કામે રજુ થયેલ મુદ્દામાલ કબજે લીધેલાના પંચનામાની નકલ. |
| ૧૮ | ૨૫ | સેશન્સ કેસ નં.૧૧૯/૧૯ ના કામે સાહેદ નં.૯ ભારતસિંહ કસનાભાઈ પસાયાની આંક-૪૪ થી થયેલ જુબાનીની સર્ટીફાઇડ નકલ. |
| ૧૯ | ૨૬ | સેશન્સ કેસ નં.૧૧૯/૧૯ ના કામે રજુ થેયલ પી.એમ.નોટ. |
| ૨૦ | ૨૭ | સેશન્સ કેસ નં.૧૧૯/૧૯ ના કામે સાહેદ નં.૧૦ રમીલાબેન કાજીયાભાઈ ભુરીયાની આંક-૪૭ થી થયેલ જુબાનીની સર્ટીફાઇડ નકલ. |
| ૨૧ | ૨૮ | સેશન્સ કેસ નં.૧૧૯/૧૯ ના કામે સાહેદ નં.૧૧ જગદીશભાઈ લાલજીભાઈ પટેલની આંક-૫૧ થી થયેલ જુબાનીની સર્ટીફાઇડ નકલ. |
| ૨૨ | ૨૯ | સેશન્સ કેસ નં.૧૧૯/૧૯ ના કામે રજુ થયેલ આરોપીઓની શરીરસ્થિતિ તથા મુદ્દામાલ કબજે લીધેલાના પંચનામાની નકલ. |
| ૨૩ | ૩૦ | ફરીયાદ. |
| ૨૪ | ૩૧ | આરોપીની શરીરસ્થિતિ તથા અટક પંચનામુ. |
| ૨૫ | ૩૫ | ગુન્હાવાળી જગ્યાનુ પંચનામુ. |
| ૨૬ | ૩૬ | ઈન્કવેસ્ટ પંચનામુ. |

| | | |
|---|---|---|
| ૨૭ | ૩૭ | ઈન્કવેસ્ટ પંચનામુ. |
| ૨૮ | ૩૮ | મરણજનાર કાળીયા મેઘજી પલાસની લાશ પરના કપડા કબજે કર્યાનુ પંચનામુ. |
| ૨૯ | ૩૯ | મરણજનાર મેઘજી અબજી પલાસની લાશ પરના કપડા કબજે કર્યાનુ પંચનામુ. |

ફરીયાદપક્ષે ઉપરોકત પુરાવા રજુ કર્યા બાદ તા.૦૨/૦૩/૨૦૨૬ના રોજ વધુ કોઇ પુરાવા રજુ કરવા નથી તેવી આંક-૪૧થી કલોઝીંગ પુરશીશ રજુ કરેલ છે.

૮. **<u>આરોપીનુ વિશેષ નિવેદન</u> :-**

ફરીયાદપક્ષે પુરાવો પુરો થયા બાદ આરોપીનુ વધારાનુ નિવેદન ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ-૩૫૧ અન્વયે તા.૦૨/૦૩/૨૦૨૬ના રોજ રેકર્ડ કરવામાં આવેલુ. જેમાં આરોપીએ મુખ્યત્વે આક્ષેપિત પુરાવા બાબતે ઈન્કાર કરેલ છે અને વિશેષમાં જણાવેલ છે કે, તેઓ નિર્દોષ છે, તેમની આ ગુન્હામાં ખોટી સંડોવણી કરેલ હોવાનુ જણાવેલ છે.

૯. **<u>દલીલો</u> :-**

આ કામે ફરીયાદપક્ષે વિ. પી.પી. ટી.આર.સોની દલીલ કરતાં જણાવે છે કે, સદર ગુનો ગરબાડા પો. સ્ટે. ફ. ગુ.ર.નં.૩૫/૧૯૯૨ના ગુનાના કામે ભારતીય દંડ સંહિતાની કલમ-૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૯૬, ૩૯૭ તથા બી.પી. એકટની કલમ-૧૩૫ મુજબ દાખલ થયેલ. આ કામના ફરીયાદપક્ષનો પુરાવો વંચાણે લેતાં સદરહુ ગુનાના કામે પંચનામાની હકીકતોને સમર્થન મળેલ છે જેથી રજુ થયેલ ગુન્હાવાળી જગ્યાનું, આરોપીઓની શરીરસ્થિતિનુ પંચનામુ તથા મરણજનારના કપડાં કબજે કર્યાનુ પંચનામું પુરવાર થયેલ છે.

ફરીયાદીએ પોતાની ભાષામાં ફરીયાદ મુજબનો પુરાવો આપેલ છે અને સેશન્સ કેસ નં.૧૧૯/૨૦૧૯ના કામે થયેલ સાહેદોની જુબાનીથી ફરીયાદ પક્ષને સમર્થન મળેલ છે. વધુમાં આ કામે ત.ક.અ.શ્રીએ પંચનામાઓ તેઓની રૂબરૂ કરેલ છે જે તમામ હકીકતો ઉપરથી ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરેલ છે અને સાહેદોના પુરાવા મુજબ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરેલ છે જેથી આરોપીને કાયદા મુજબની સજા કરવા અરજ ગુજારેલ છે.

૯. આ કામે આરોપીપક્ષ તરફે વિ.વ. શ્રી એ.આર.ચૌહાણનાએ દલીલ કરતા જણાવેલ છે કે, આરોપીઓ સામે મુકવામા આવેલ તહોમત ફરીયાદપક્ષ દવારા સચોટ અને માનવાલાયક પુરાવાથી પુરવાર કરી શકેલ નથી. ફરીયાદપક્ષ દ્ધારા આરોપીઓ સામે ગુનાહિત કાવતરૂ ઘડી મારક હથીયારો સાથે હુમલો કરી બે ઈસમોના મોત નિપજાવ્યાનુ અને લુંટ કરેલ તે મતલબનુ તહોમત મુકવામા આવેલ છે. ફરીયાદ પક્ષ દ્ધારા જે જે સાહેદો તપાસવામા આવેલા છે તેમા સૌ પ્રથમ આરોપીઓએ ભેગા મળી ગુનાહિત કાવતરૂ ઘડેલ છે તેવો કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. ઈજા પામનારીઓની સારવાર કરનાર ડૉકટરશ્રી સમક્ષ તેઓને આ ઈજા કોના દ્ધારા અને કયા હથીયારથી કરવામા આવેલ તે બાબતે કોઈ હિસ્ટ્રી આપેલ નથી. જયારે અન્ય જે સાહેદો તપાસવામાં આવેલા છે તે તમામ ફરી ગયેલા સાહેદો જાહેર થયેલા છે જે તમામ સાહેદોએ તેમના પુરાવામા કોના કોના વચ્ચે ઝઘડો થયેલો અને કયા વ્યક્તિએ કયા હથીયાર વડે કોને ઈજા કરી તે બાબતે લેશમાત્ર પુરાવો રજુ કરેલ નથી. ફરીયાદપક્ષ જણાવે છે તે મતલબના કોઈ ચાંદીના દાગીનાની પણ રીકવરી કે ડીસ્કવરી થયેલ નથી. પંચ સાહેદોએ ફરીયાદ પક્ષના કેસને સમર્થન આપેલ નથી અને એવી હકીકત જણાવેલ છે કે તેઓએ માત્ર સહીઓ કરેલી અને તેઓની સમક્ષ કોઈ પંચનામા કરવામા આવેલા નથી તેથી પોલીસે પોતાની કામગીરી સારી બતાવવા માટે પંચનામા કરેલા પરંતુ તે યોગ્ય અને

સાચી રીતે કરેલ છે કે કેમ તે બાબત શંકાસ્પદ બને છે. તેઓએ વિદવતાપૂર્વકની રજુઆત કરતા જણાવેલ છે કે, આરોપી પાસેથી કોઈ રીકવરી ડીસ્કવરી, ચાંદીના દાગીનાની રીકવરી કે ડીસ્કવરી થયેલ નથી, આરોપીને લુંટ કરતા જોયેલા નથી, ઓળખી બતાવેલા હોય તેવો કોઈ પુરાવો નથી તે તમામ હકીકતો ધ્યાને લેતા ફરીયાદપક્ષ આરોપી સામે મુકવામા આવેલ તહોમત સાબીત કરવામાં નિષ્ફળ ગયેલ હોઈ આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા જણાવેલ છે.

૧૦. **<u>કેસના નિર્ણયાર્થે મુદા</u> :–**

આ કામે કેસની વિગત તથા રજુ થયેલ રેકર્ડ ઉપરના પુરાવા તેમજ પક્ષકારોની દલીલો ધ્યાને લેતાં કેસના નિર્ણયાર્થે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**:: <u>મુ દા ઓ</u> ::**

૧. શું ફરીયાદપક્ષ પુરવાર કરે છે કે, ગઈ તા.૦૧/૦૪/૧૯૯૨ના રોજ કલાક–૧૬:૦૦ વાગ્યાના સુમારે હાલના આરોપી તથા સહ આરોપીઓ એકસંપ થઇ પોતાનો હેતુ પાર પાડવા સારૂ ગેરકાયદેસર મંડળી બનાવી ફરીયાદીના ફળીયામાં બબકારીઓ કરતા, ગાળો બોલતા, મારક હથિયારો સાથે દોડી આવી કહેલ કે, ધાનપુર વાળા સાઇટમાં બકરા ચોરીમાં તમે અમારા નામો કેમ આપેલ નો વ્હેમ રાખો છો તેમ કહી બબકારી કરતા જઇ તીર કામઠીઓ સાથે હુમલો કરી, કાળીયા મેઘજીને તીર મારી મારી નાખેલ છે અને મેઘજી અબજીનુ માથુ ફાડી નાખી જેનુ સારવાર દરમ્યાન મોત નિપજાવી ફરીયાદી બાઇના ગળામાથી ચાંદીની હાંસડી ૫૦૦ ગ્રામની કિં.રૂા.૪,૦૦૦/–ની લુંટ કરી હથિયારોથી ખુની હુમલો કરી, આરોપીએ ભારતીય દંડ સંહિતાની કલમ–૧૪૩,

૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૯૬, ૩૯૭ તથા બી.પી. એકટની કલમ–૧૩૫ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હાઓ કરેલા છે ?

૨. શું હુકમ ?

૧૧. <u>ઉપરોકત મુદાઓના મારા નિર્ણય</u> :–

૧. નકારમાં.

૨. આખરી હુકમ મુજબ.

<u>મુદા નં.૧ ની ચર્ચા</u> :–

૧૨. આ કામે ફરિયાદ પક્ષે આરોપી વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૯૬, ૩૯૭ તથા બી.પી. એકટની કલમ–૧૩૫ મુજબનો આક્ષેપ મુકેલ છે, જે આક્ષેપ પૂરવાર કરવા અર્થે ફરિયાદપક્ષે જે પૂરાવો રેકર્ડ ઉપર લાવેલા છે તથા બનાવ બાદ સ્થળ ઉપર આવેલ સાક્ષીઓ કે જેઓ હિયર- છે તથા નજરે જોનાર કક્ષામાં આવે છે. તે સાહેદોનો પુરાવો રેકોર્ડ ઉપર આવેલ છે, તે સિવાય બનાવ સમયે બનાવના સંદર્ભમાં કરવામાં આવેલ પંચનામા, સાહેદો તથા ડોકટરશ્રીઓ તથા તપાસ કરનાર અમદારશ્રીઓની જુબાનીઓ રેકર્ડ ઉપર આવેલ છે, તે સમગ્ર પુરાવાને સંકલ્તિ કરી તેનુ મુલ્યાંકન કરવું જરૂરી છે.

:: <u>પોલીસ સાહેદનો પુરાવો</u> ::

૧૩. આ કામે ફરીયાદપક્ષે આ ગુનાની તપાસ કરનાર અમલદાર જગદીશભાઈ લાલજીભાઈ પટેલને આંક: ૩૪ થી તપાસવામા આવ્યા છે. તેમના પુરાવા મુજબ તેઓ સને ૨૦૨૧ માં ગરબાડા પો.સ્ટે.ના પી.એસ.આઈ. તરીકે તેઓની ફરજ પર હતા ત્યારે ગરબાડા પો.સ્ટે. ગુ.ર.નં. ૩૫૯૨ ઇ.પી.કો.ક. ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૯૬, ૩૯૭ તથા બી.પી.એકટ કલમ– ૧૩૫

મુજબનો ગુનો આરોપી કાળીયો પલાસ તથા વિગેરે ૨૫ સામે નોંધાયેલ હતી અને હાલના તમો આરોપી મડીયા ઉર્ફે નુરીયા ઉર્ફે તુરીયા સમસુ નારસીગ સંગાડા નાઓને નાસતા ફરતા બતાવેલ હતા અને તેઓને ૨૦૨૪ મા એલ.સી.બી. ટીમ ધ્વારા જામનગર થી પકડવામાં આવેલ અને ગરબાડા પો.સ્ટે.નો ગુનો હોય તેઓના પો.સ્ટે.મા તેઓને હસ્તગત કરતા તેઓએ સદર ગુનાની તપાસ સંભાળેલી અગાઉ સદર ગુનાનુ મુખ્ય ચાર્જશીટ પી.એસ.આઇ. ડી.ડી. રાજપુતનાઓએ કરેલુ. વધુમાં તેઓ તેઓની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, સદર કામના આરોપીને અટક કરવાના હોય તા.૦૧/૦૪/૨૦૨૪ ના રોજ બે પંચોની હાજરીમાં પંચનામાની વિગતે આરોપીની શરીર સ્થીતીનુ તથા અટક પંચનામું કરેલ તેઓને આંક–૩૧ વાળુ પંચનામું બતાવતાં તેમાં બે પંચોની તથા રૂબરૂ તરીકે તેઓની સહી ઓળખી બતાવેલ. વધુમાં તેઓ તેઓની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, સદર કામે તા.૦૧/૦૪/૧૯૯૨ ના કલાક– ૧૬:૦૦ વાગ્યાના સુમારે હાલના આરોપી તથા બીજા આરોપીઓ એક સંપ થઈ પોતાનો ઈરાદો પાર પાડી ગે.કા. મંડળી બનાવી ફરીયાદીના ફળીયામાં બબકારી કરતા ગાળો બોલતા મારક હથિયારો સાથે દોડી આવી કહેલ કે, ધાનપુર વાળા સાઈડમા ચોરીમાં તમોએ અમારા નામો કેમ આપેલનો વેહમ રાખો છો તેમ કહી બબકારીઓ કરતા જઈ તીરકામઠા સાથે હુમલો કરી કાળીયા મેધજીને તીર મારી મારી નાખેલ છે અને મેધજી અબજી નુ માથુ ફાડી નાખેલ છે જેની સારવાર દરમ્યાન મોત નિપજાવી ફરીયાદી બાઈના ગળામાંથી ચાંદીની હાંસડી ૫૦૦ ગ્રામની કિમંત રૂ.૪૦૦૦/– લુંટ કરી હથિયારો થી તેનો હુમલો કરી ગુનો કરેલ હાય સદર આરોપી સામે પુરતો પુરાવો હોય તેઓએ પુરવણી ચાર્જશીટ કરેલ. આરોપીને કોર્ટ રૂબરૂમાં હાજર ઓળખી બતાવેલ.

બચાવપક્ષે ઉલટતપાસમાં તેઓ સ્વિકારે છે કે, ગુનો સને ૧૯૯૨ નો છે, તેઓએ આ કામે સાહેદોના નિવેદનો લીધેલા નથી,

આ ગુનાના કામે આરોપી પાસેથી કોઇ મુદામાલ કબજે કરેલ નથી.

## :: પુરાવાનુ મૂલ્યાંકન ::

**૧૪.** આ કામે સેશન્સ કેસ નં.૧૧૯/૨૦૧૯ ના કામે થયેલ સાહેદોની જુબાનીની સર્ટીફાઈડ નકલો રજુ થયેલ છે. જે તમામ સાહેદોની જુબાનીમાં કરેલ ચર્ચા તથા મુલ્યાંકન નીચે મુજબ છે.

ફરીયાદ પક્ષ તરફે સાહેદ નં.૧ થી ડો.રાજેન્દ્રકુમાર કિશોરીલાલ શ્રીવાસ્તવ નો પુરાવો આંક-૧૨ થી લેવામા આવેલ છે. તેઓએ તેમના પુરાવામા નીચે મુજબની હકીકત જણાવેલ છે. તા. ૧-૪-૧૯૯૨ ના રોજ કોટેલ હોસ્પીટલ દાહોદ ખાતે તબીબી અધીકારી તરીકે ફરજ બજાવતા હતા ત્યારે ફતીયાભાઈ રસુલભાઈ પલાસને તેના સગાવાલા પી.એસ.આઈ. ગરબાડાની યાદી સાથે રાત્રીના ક. ૮-૩ 0 વાગ્યે તપાસ માટે લાવેલા. તેઓએ હિસ્ટ્રી આપેલ કે તા.૧-૪-૧૯૯૨ ના રોજ સાંજે ચાર વાગ્યે કોઈ ઈસમે તેમના ઉપર હુમલો કરી ઈજા પહોંચાડેલ છે. સદર ઈજા પામનારને છાતીની જમણી બાજુ ચાર અને પાંચ પાંસળીની વચ્ચે ભોંકાયેલો ઘા હતો તેમજ બીજી અને ત્રીજી પાંસળી વચ્ચે એક કપાયેલો છુંદાયેલો ભાગ જોવા મળેલ. આ ઈજા અણીદાર હથિયારથી થઈ શકે તેમ છે અને એકથી દોઢ મહીનામાં સારી થાય તેમ હતી. સદર ઈજા પામનારનું સર્ટીફીકેટ આંક: ૧૩ નું પોતાના હસ્તાક્ષરમાં લખેલ અને તેમાં પોતાની સહી ઓળખી બતાવે છે.

તે જ દિવસે તે સમયે સદીયાભાઈ મેઘજીભાઈને પણ તેમની પાસે તપાસ અર્થે લઈને આવેલા તેઓને ડાબા પગમાં નીચેના ભાગમા ઘુંટાણ પર કપાયેલો છુંદાયેલો ભાગ હતો તેમજ માથાના ભાગે સોજો લોહીની જામી જવાના કારણે હતો. સદર ઈજા સખત અને બોથડ પદાર્થ વડે થઈ શકે તેમ છે અને ત્રણ થી છ કલાકમા સારી થઈ શકે તેમ હતી. સદર ઈજા પામનારનુ સર્ટીફીકેટ આંક: ૧૪ નું પોતાના હસ્તાક્ષરમા લખેલ અને તેમા પોતાની સહી ઓળખી

બતાવે છે.

તે જ સમયે તે જ દિવસે ભારતા રસુલને તેમના સમક્ષ તપાસ માટે લાવેલા. તેઓએ પુર્વ ઈતિહાસમાં જણાવેલ કે તા. ૧/૪/૯૨ ના રોજ સાંજે ચાર વાગ્યે કોઈ ઈસમે તેમના ઉપર હુમલો કરીને ઈજાઓ પહોંચાડેલ છે. સદર ઈજા પામનારને તપાસતા માથાના ભાગે કપાયેલો છુંદાયેલો ભાગ હતો તેમજ ડાબા હાથના નીચેના ભાગે ભોકાયેલો ઘા હતો અને ડાબા ઘુંટણ પર ત્રણ થી ચાર જેટલા ઉઝરડા હતા. આ ઈજા ચૌદ દિવસ જેટલા સમયમા સારી થઈ શકે. ઈજા પામનારનું સર્ટીફીકેટ આંક: ૧૫ નુ તેમના હસ્તક્ષરમા લખેલ અને પોતાની સહી ઓળખી બતાવે છે.

તે જ દિવસે તે જ સમયે ગોપસિંગભાઈ કાળીયાભાઈ તેમની સમક્ષ તપાસ અર્થે લાવેલા તેઓએ પુર્વ ઇતિહાસમા જણાવેલ કે તા. ૧/૪/ ૯૨ ના રોજ સાંજે ચાર વાગ્યે કોઈ ઈસમે તેમના ઉપર હુમલો કરીને ઈજાઓ પહોંચતાં તેમને તપાસતા પીઠના પાછળના ભાગે ડાબી બાજુ ૧ ઇંચ કપાયેલો અને છુંદાયેલો ભાગ હતો. આ ઈજા સખત અને બોથડ પદાર્થ વડે થઈ શકે તેમ છે અને સાજા થતા સાત થી આઠ દિવસ જેટલો સમય લાગે. ઈજા પામનારનું સર્ટીફીકેટ આંક: ૧૬નું તેમના હસ્તાક્ષરમાં લખેલ અને તેમા પોતાની સહી ઓળખી બતાવે છે.

તે જ દિવસે તે જ સમયે મેઘજીભાઈ પલાસને તેમની સમક્ષ સારવાર માટે લાવેલા તેઓએ પૂર્વે ઈતિહારામાં જણાવેલ કે તા. ૧/૪/ ૯૨ ના રોજ સાંજે ચાર વાગ્યે કોઈ ઈરામે તેમના ઉપર હુમલો કરીને ઈજાઓ પહોંચાડેલ છે. તેમને તપાસતા તેના માથાના વચ્ચેના ભાગે કપાયેલો અને છુંદાયેલો ભાગ હતો જે હાડકા સુધીનો ઘા હતો. જેની ઉપરી તપાસથી માથાના હાડકા તુટી ગયેલા હતા. માથામા ડાબી બાજુ કપાયેલો ભાગ જે હાડકા સુધી ભાંગી ગયેલ હતો જેના લીધે માથાના હાડકા ભાંગી ગયેલા હતા.

આ દર્દીને વધુ સારવાર માટે ગોધરા સિવિલ હોસ્પિટલમા મોકલવામા આવેલ હતો. ઈજા પામનારને થયેલ ઈજાઓ સખત અને બોથડ પદાર્થ વડે થઈ શકે તેમ છે અને સાજા થતા દોઢ થી બે માસ જેટલો સમય લાગે. ઈજા પામનારની ઈજાનું મેડીકલ સર્ટીફીકેટ આંક- ૧૭નુ તેમના હસ્તાક્ષરમા છે અને પોતાની સહી ઓળખી બતાવે છે.

આંક: ૧૩ વાળા સર્ટિફિકેટ ઈજા.નં ૧ અને ઈજા નં. ૨ તીર વડે થઈ શકે તેમ છે. આંક :૧૫ વાળા સર્ટીફિકેટ માં દર્શાવેલ ઈજા નં.૨ તીર વડે થઈ શકે તેમ છે. આક: ૧૪ વાળા સર્ટીફિક્રેટમા દર્શાવેલી તમામ ઈજાઓ ગંભીર પ્રકારની હતી.

**૧૪.૧** બચાવપક્ષ તરફે આ સાહેદની ઉલટતપાસ કરવામાં આવતા તેમા તેઓએ નીચે મુજબની હકીકત જણાવેલ છે.

તેઓએ સ્વીકારેલ છે કે, તમામ દર્દીઓ સારવાર માટે આવેલા ત્યારે તેઓ ભાનમાં હતા અને ઈજાઓ કોના દવારા તથા કયા હથિયારથી કરવામાં આવેલ છે તે જણાવેલું નહી. તેઓએ એ વાતનો ઈન્કાર કર્યો છે કે, કોઈ વ્યહિત નાસ ભાગમાં પડી જાય તો આંક: ૧૩ મુજબની ઈજાની થઈ શકે છે. તેઓએ સ્વીકારેલ છે કે આંક- ૧૪ વાળા સર્ટીફિકેટમા ઈજાઓ છે તે ભાગવા જતા પડી જવાથી સખત અને બોથડ પદાર્થ સાથે અથડાવાથી થઇ શકે તેમજ આંક:૧૫મા જણાવેલ ઈજાઓ પણ કોઈ વ્યકિત નાસભાગમાં પડી જવાથી ઈજાઓ થઈ શકે અને આંક: ૧૭માં જણાવેલ ઈજા ભાગવા જતા સખત અને બોથડ પદાર્થ વડે થઈ શકે.

**૧૫.** ફરીયાદ પક્ષ તરફે સાહેદ નં.૨ થી શકરાભાઈ જુમલાભાઈ પલાસ નો પુરાવો આં ક: ૨૩ થી લેવામાં આવ્યો છે. તેઓએ તેમના પુરાવામા નીચે મુજબની હકીકત જાણાવેલ છે.

:: રેશમબેન રસુલભાઈ તેના કાકાની દીકરી થાય છે. ફરીયાદ વાળો બનાવ ૩૦ થી ૩૨ વર્ષ પહેલા બનેલો. સંગાડીયા અને પલાસ જાતીના લોકો વચ્ચે ઝઘડો દિવસના ત્રણેક વાગે થયેલો.

:: આ બનાવમાં કોણે કોને મારેલુ તેની તેને માહિતી નથી. આ ઝઘડામાં પલાસ જાતીના બે માણસો અને સંગાડીયા જાતીના એક માણસનું મોત થયેલું. આ બનાવમાં મેઘજી અબજી અને કાળીયા મેઘજી પલાસનું મોત થયેલુ, પરંતુ તેઓને કયા હથીયાર વડે અને શરીરના કયા ભાગ ઉપર માર મારેલો તેની તેને માહિતી નથી. આ ઝઘડો દારૂ પીધેલાઓ વચ્ચે થયેલો. તીર મારવાથી માણસો મરી ગયેલા કે કેમ તેની તેને માહિતી નથી.

આ સાહેદે તેની સોગંદ ઉપરની જુબાનીમા ફરીયાદપક્ષના કેસની વિગતે લેશમાત્ર સમર્થન કરેલ ના હોઈ ફરીયાદપક્ષ દ્વારા આ સાહેદને ફરી ગયેલા જાહેર કરવામા આવેલા છે અને ફરીયાદપક્ષ તરફે વિ.પી.પી.શ્રીએ ઉલટતપાસ કરતા ફરીયાદપક્ષના કેસને સમર્થન મળે તેવો કોઈ પુરાવો આ સાહેદની ઉલટતપાસમાથી નિકળી આવતો નથી.

બચાવપક્ષ દવારા આ સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

**૧૬.** ફરીયાદ પક્ષ તરફે સાહેદ નં.૩ થી ફતીયાભાઈ રસુલભાઈ પલાસ નો પુરાવો આંક-૨૪ થી નોંધવામાં આવેલો છે. તેઓએ તેમના પુરાવામાં નીચે મુજબની હકીકત જાણાવેલ છે કે,

ફરીયાદવાળો બનાવ કયારે બનેલો તે યાદ નથી. ઘણો સમય થયેલ હોઈ તે દીવસના કયા સમયે બનેલો તે યાદ નથી. શું બનાવ બનેલો તે પણ યાદ નથી. બનાવમાં તેને વાગેલું. આ બનાવમાં તેના કાકાનો છોકરો મેઘજી અને તેનો છોકરો કાળીયો મરી ગયેલા. આ બંને જણાને કોણે મારેલું તેની તેને માહિતી નથી. સંગાડીયા

કુટુંબવાળા ઝઘડો કરવા આવેલા કે કેમ તેની તેને માહિતી નથી. મેઘજીને અને કાળીયાને કયા હથીયાર વડે મારેલ તેની તેને માહિતી નથી.

આ સાહેદે તેની સોગંદ ઉપરની જુબાનીમાં ફરીયાદ પક્ષના કેસની વિગતે લેશમાત્ર સમર્થન કરેલ ના હોઈ ફરીયાદપક્ષ દ્વારા આ સાહેદને ફરી ગયેલા જાહેર કરવામા આવેલા છે અને ફરીયાદપક્ષ તરફે વિ. પી.પી.શ્રીએ ઉલટતપાસ કરતા ફરીયાદ પક્ષના કેસને સમર્થન મળે તેવો કોઈ પુરાવો આ સાહેદની ઉલટતપાસમાંથી નિકળી આવતો નથી.

બચાવપક્ષ દવારા આ સાહેદની ઉલટતપાસ કરવામા આવેલ નથી.

**૧૭.** ફરીયાદ પક્ષ તરફે સાહેદ નં. ૪ થી ભારતાભાઈ રસુલભાઈ પલાસ નો પુરાવો આંક: ૨૫ થી લેવામાં આવેલો છે. આ સાહેદે તેમના પુરાવામા નીચે મુજબની હકીકત જણાવેલ છે,

ફતીયા રસુલ તેનો નાનો ભાઈ થાય છે અને ફરીયાદી રેશમબેન તેની બહેન થાય છે. ફરીયાદવાળો બનાવ ૨૦ થી ૨૫ વર્ષ પહેલા બનેલો. બનાવ દિવસના સમયે બનેલો અને ઝઘડો થયેલો તેમા તેને પથ્થર વાગેલો. આ બનાવમાં ફતીયા રસુલને પણ ઈજા થયેલી. ગામના લોકોએ હુમલો કરેલો. તેને કોણે મારેલું તેની તેને માહિતી નથી. આ બનાવમાં કાળીયા મેઘજીનું મરણ થયેલુ. તેણે હુમલો કરવા વાળાને ઓળખેલા નથી. કાળીયા મેઘજીને શંકર જાલુએ તીર મારેલું. તે આજે પણ હુમલો કરવા વાળાને જોયે ઓળખી શકે તેમ નથી. પોલીસે તેની પુછપરછ કરી જવાબ લીધેલો.

આ સાહેદે તેની સોગંદ ઉપરની જુબાનીયા ફરીયાદપક્ષના કેસની વિગતે લેશમાત્ર સમર્થન કરેલ ના હોઈ ફરીયાદપક્ષ દ્વારા આ સાહેદને ફરી ગયેલા જાહેર કરવામા આવેલા છે અને ફરીયાદપક્ષ

તરફે વિ. પી.પી.શ્રીએ ઉલટતપાસ કરતા ફરીયાદ પક્ષના કેસને સમર્થન મળે તેવો કોઈ પુરાવો આ સાહેદની ઉલટતપાસ માથી નિકળી આવતો નથી.

**૧૭.૧** બચાવ પક્ષ દ્ધારા આ સાહેદની ઉલટતપાસ કરતા તેઓએ નીચે મુજબની હકીકત સ્વીકારેલ છે કે, બનાવ વખતે ૫૦ થી ૬૦ માણસોનું ટોળું આવેલુ અને ટોળામાં કોણ માણસો હતા અને કયાંના હતા તે તેણે ઓળાખેલા નથી. તેઓએ સ્વીકારેલ છે કે, ટોળાના માણસોના હાથમાં શું હથીયાર હતા તેની તેને માહિતી નથી. પોલીસે તેનું નામ સરનામું પુછેલું તે સીવાય બીજું કાંઈ પુછેલુ નથી.

**૧૮.** ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.પથી હીરાભાઇ પારસીંગભાઇ ગોહીલનો પુરાવો આંક-૩૦ થી લેવામાં આવેલ છે. આ સાહેદ પંચસાહેદ છે તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં આંક: ૩૧ના આરોપીઓ પાસેથી ગુનામાં ઉપયોગમાં લેવાયેલ હથિયાર કબજે કર્યાના પંચનામામાં પંચ નં. ૧ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે તે સિવાય પંચનામાની અન્ય વિગતે લેશમાત્ર સમર્થન કરેલ ના હોઈ ફરીયાદ પક્ષ દ્ધારા આ સાહેદને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલા છે અને ફરીયાદપક્ષ તરફે વિ. પી.પી.શ્રીએ ઉલટતપાસ કરતા ફરીયાદપક્ષના કેસને સમર્થન મળે તેવો કોઈ પુરાવો આ સાહેદની ઉલટતપાસમાથી નિકળી આવતો નથી.

**૧૯.** ફરીયાદપક્ષ તરફે સાહેદ નં. ૬ થી નરસીગભાઈ છગનભાઈ ભુરાનો પુરાવો આંક-૩૨ થી લેવામા આવેલો છે. આ સાહેદ પંચસાહેદ છે તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમા નિ. ૧૧/૯ ના પંચનામામાં અંગુઠાનું નિશાન તેમનુ છે કે કેમ તે તેઓ કહી શકે તેમ નથી. તેઓ પંચનામાની વિગતે કાંઈ જાણતા નથી અને તેઓ રાળીયા લાલુ નામની કોઈ વ્યક્તિને ઓળખાતા નથી અને આવી

કોઈ વ્યક્તિએ તીર કામઠી રજુ કરેલ હાય તેની તેમને માહિતી નથી.

આ સાહેદે તેમની સોગંદ ઉપરની જુબાનીમા ફરીયાદપક્ષના કેસની વિગતે લેશમાત્ર સમર્થન કરેલ ના હોઈ ફરીયાદપક્ષ દ્વારા આ સાહેદને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલા છે અને ફરીયાદપક્ષ તરફે વિ. પી.પી.શ્રીએ ઉલટતપાસ કરતા ફરીયાદ પક્ષના કેસને સમર્થન મળે તેવો કોઈ પુરાવો આ સાહેદની ઉલટતપાસમાથી નિકળી આવતો નથી.

**૨૦.** ફરીયાદ પક્ષ તરફે સાહેદ નં.૭ થી પ્રતાપસિંહ કુંવરાભાઇ પટેલનો પુરાવો અંક. ૩૩ થી લેવામાં આવેલ છે. આ સાહેદ પંચસાહેદ છે. તેઓએ તેમની સૌગંદ ઉપરની જુબાનીમા આંક: ૩૪ના આરોપી રાળીયા લાલુ પલાસના અટક તથા કપડા કબજે કર્યાના પંચનામામા પંચ નં. ૧ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે. તે સિવાય પંચનામાના અનન્ય વિગતે લેશમાત્ર સમર્થન કરેલ ના હોઈ ફરીયાદપક્ષ દ્રારા આ સાહેદને ફરી ગયેલા જાહેર કરવામા આવેલા છે અને ફરીયાદપક્ષ તરફે વિ. પી.પી.શ્રીએ ઉલટતપાસ કરતા ફરીયાદપક્ષના કેસને સમર્થન મળે તેવો કોઈ પુરાવો આ સાહેદની ઉલટતપાસ માથી નિકળી આવતો નથી.

**૨૧.** કરીયાદપક્ષે સાહેદ નં. ૮ થી અમરસીંગભાઈ દેવાભાઇ બામણીયા નો પુરાવો અંક: ૪૨ થી લેવામાં આવેલો છે. આ સાહેદ પંચસાહેદ છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં આંક: ૪૩ના આરોપી રાળીયા લાલુએ ગુનામા ઉપયાગમાં લીધેલ બે તરીકામઠી રજુ કર્યાના પંચનામામાં પંચ નં. ૧ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે. તે સિવાય પંચનામાની અન્ય વિગતે લેશમાત્ર સમર્થન કરેલ ના હોઈ ફરીયાદપક્ષ દવારા આ સાહેદને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલા છે અને ફરીયાદપક્ષ તરફે વિ.પી.પી. શ્રીએ

ઉલટતપાસ કરતા ફરીયાદપક્ષના કેસને સમર્થન મળે તેવો કોઈ પુરાવો આ સાહેદની ઉલટતપાસમાથી નિકળી આવતો નથી.

**૨૨.** ફરીયાદપક્ષ તરફે સાહેદ નં. ૯ ભારતસીહ કસનાભાઈ પસાયાનો પુરાવો આંકઃ ૪૪ થી લેવામાં આવ્યો છે. આ સાહેદ પંચસાહેદ છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં અંકઃ ૩૪ ના પંચનામામાં પંચ નં.ર તરીકે પોતાની સહી ઓળખી બતાવેલ છે તે સિવાય પંચનામાની અન્ય વિગતે લેશમાત્ર સમર્થન કરેલ ના હોઈ ફરીયાદપક્ષ તરફે આ સાહેદને ફરી ગયેલા જાહેર કરવામા આવેલા છે અને ફરીયાદપક્ષ તરફે વિ.પી.પી.શ્રીએ ઉલટતપાસ કરતા ફરીયાદપક્ષના કેસને સમર્થન મળે તેવો કોઈ પુરાવો આ સાહેદની ઉલટતપાસમાથી નિકળી આવતો નથી.

**૨૩.** ફરીયાદપક્ષ તરફથી સાહેદ નં.૧૦ તરીકે રમીલાબેન કાજીયાભાઈ ભુરીયાનો પુરાવો આંકઃ ૪૭ થી લેવામા આવ્યો છે. તેઓ તેમની જુબાનીમા નીચે મુજબની હકીકત જણાવે છે કે, તે છરછોડા ગામે રહે છે. કાળીયાભાઇ તેનો મોટો ભાઇ થાય છે  અને રાળીયાભાઇ નાનો ભાઇ થાય છે.  બનાવ બાબતે તેને કોઈ માહિતી નથી. બનાવ કયારે બનેલો તેની તેને ખબર નથી. તે મેઘજીભાઈ કે કાળીયાભાઈને ઓળખતી નથી. તેઓ મરણ ગયેલા છે કે કેમ તેની તેને ખબર નથી. આરોપીઓ તેના ગામના હોઈ તેમને ઓળખે છે તેઓના નામ સવો અને બીજાનું નામ જવો છે. તેમણે સામે શેનો કેસ થયેલ છે તેની તેને ખબર નથી. આ લોકોને અગાઉ કોઈની સાથે ચોરીમાં ખોટા નામ લખાવવા બાબતે કોઈની સાથે ઝગડો થયેલો કે કેમ તેની તેને ખબર નથી. બનાવ બાબતે તેને કોઈ માહિતી નથી કે બનાવ તેણે નજરે જોયેલ નથી. પોલીસ બનાવ બાબતે તેની પુછપરછ માટે આવેલ હોય તેવું તેને યાદ નથી. કોર્ટ દ્વારા તેઓ જે હકીકત જણાવે છે તને સાચી જણાવે છે કે કેમ ? તે

બાબતે પુછતાં તેઓ સાચી હકીકત જણાવે છે અને તેઓને કોઈ ધાક ધમકી કે લોભ લાલચ આપેલ નથી તેવી હકીકત જણાવે છે.

આ સાહેદે તેમની સોગંદ ઉપરની જુબાનીમાં ફરીયાદપક્ષના કેસની વિગતે લેશમાત્ર સમર્થન કરેલ ના હોઈ ફરીયાદપક્ષ દ્વારા આ સાહેદને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલા છે અને ફરીયાદપક્ષ તરફે વિ. પી.પી.શ્રીએ ઉલટતપાસ કરતા ફરીયાદ પક્ષના કેસને સમર્થન મળે તેવો કોઈ પુરાવો આ સાહેદની ઉલટતપાસમાથી નિકળી આવતો નથી.

**૨૩.૧** બચાવ પક્ષે આ સાહેદની ઉલટતપાસ કરેલ છે તેમાં તેઓએ નીચે મુજબની વિગતો જણાવેલ છે. તેઓ સ્વીકારે છે છે. બનાવ તેણે નજરે જોયેલ નથી તે બનાવ સંદર્ભે તેને કોઈ જાત માહિતી નથી

**૨૪.** ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.૧૧ તરીકે જગદીશભાઇ લાલજીભાઇ પટેલનો પુરાવો આંક: ૫૧ થી લેવામાં આવ્યો છે. તેઓએ તેમની જુબાનીમાં નીચે મુજબની હકીકત જણાવેલ છે. ગરબાડા પોલીસ સ્ટેશનના ગુ.ર.નં.૩૫/૯૨ થી દાખલ થયેલો તે વખતે ગરબાડા પોલીસ સ્ટેશનમાં તત્કાલીન પી.એસ.આઈ. શ્રી.ડી.બી. રાજપુત ફરજ બજાવતા હતા. તપાસ કરનાર અમલદાર શ્રી.ડી.બી.રાજપુતની તપાસ કરતા તેઓ ૧૯૯૭ માં નિવૃત થયેલા અને ત્યારબાદ તેઓની તપાસ કરતા મળી આવતા નથી અને પેન્શન વિભાગની કચેરીમાં તપાસ કરાવતા તેમનું કોઈ સરનામું મળી આવેલ નહીં જેથી તેઓને પોલીસ સ્ટેશનનુ, કોર્ટનું રેકર્ડ અને પી. પી.શ્રીએ પુરા પાડેલ કાગળો આધારે જુબાની આપે છે. તા.૧/૪/૧૯૯૨ ના રોજ ગરબાડા પો.સ્ટે.ના પી.એસ.આઈ. સમક્ષ આંક: ૨૦ ની ફરીયાદ આપવામાં આવેલ. સદર તપાસના આધારે ગરબાડા પો.સ્ટે.મા ગુનો રજીસ્ટર્ડ કરવામાં આવેલ અને ગુનાની તપાસ કરવામા આવેલ જેમા આરોપીઓને અટક કરવામાં

આવેલા, પંચનામાં કરવામા આવેલા તથા ઈજા પામનારા સાહેદોને સારવાર માટે દવાખાને મોકલેલા તથા મરણ જનારની પી.એમ. નોટ તપાસના કામે મેળવેલ અને સાહેદોના નિવેદનો નોંધેલા. આરોપીઓ વિરુદધ્ધ પુરતો પુરાવો હોઈ ચાર્જશીટ કરવામાં આવેલ. તપાસના કામે તત્કાલીન પી.એસ.આઈ. રાજપુત દુરા સાહેદ શકરાભાઈ જુમલાભાઈ પલાસ, સાહેદ ફતીયાભાઈ રસુલભાઈ પલાસ, સાહેદ ભારતાભાઈ રસુલભાઈ પલાસ, સાહેદ રમીલાબેન કાજીયાભાઈ ભુરીયાના નિવેદનો નોંધેલ. આ સાહેદોએ ત.ક.અ. શ્રી રૂબરૂના નિવેદનમાં તેઓના લખાવ્યા મુજબના નિવેદન નોંધી લીધેલ.

**૨૪.૧** બચાવપક્ષે આ સાહેદની ઉલટતપાસ કરેલ છે તેમાં તેઓએ નીચે મુજબની વિગતો જણાવેલ છે.

તેઓ સ્વીકારે છે. કે, આ ગુનાની તેમણે કોઈ તપાસ કરેલ નથી અને તેમણે જુબાની આ ગુનાના રેકર્ડ આધારીત આપેલ છે.

**૨૫.** કાયદાનો એ પ્રસ્થાપિત સિદ્ધાંત છે કે, ફરીયાદપક્ષે આરોપીઓ સામે મુકવામાં આવેલ તહોમત નિશંકપણે તેમજ સચોટ અને માનવાલાયક પુરાવાથી પુરવાર કરવાનુ રહે છે. ક્રિમીનલ જયુડીશપૂડન્સનો એ પ્રસ્થાપિત ફરીયાદપક્ષે આરોપીઓ સામે મુકવામા આવેલ તહોમતનામું પુરવાર કરવાનુ રહે છે અને આરોપી સામે મુકવામાં આવેલ કેસ નિશંકપણે પુરવાર કરવાની જવાબદારી ફરીયાદ પક્ષની છે. કાયદાનો એ પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે, જ્યારે બે દ્રષ્ટિકોણની શક્યતા કેસમા જણાતી હોય તેમાથી એક આરોપી દોષીત છે તે તરફ નિર્દેષ કરતી હોય અને બીજુ આરોપી નિર્દોષ છે તે તરફ નિર્દેષ કરતી હોય તે સંજોગોમાં આરોપીની તરફેણનો દૃષ્ટિકોણ કોર્ટે ગ્રાહ્ય રાખવો જોઈએ. ઉપરોકત પ્રસ્થાપિત સિધ્ધાંતો નીચેના કેસ લો મા પ્રસ્થાપિત થયેલા છે.

**૧. કાલીરામ વિ.સ્ટેટ ઓફ હિમાચલ પ્રદેશ ૧૯૭૩(૨) એસ.સી.સી.-૮૦૮**

**૨. ચંન્દ્રપાલ વિ. સ્ટેટ ઓફ કર્ણાટકા ૨૦૦૭ (૪) એસ.સી.સી.-૪૧૫**

**૩. ઉપેન્દ્રપ્રધાન વિ. સ્ટેટ ઓફ ઓરીસ્સા ૨૦૧૫(૧૧) એસ.સી.સી.- ૧૨૪**

**૨૫.૧** વધુમા **ના. સુપ્રીમ કોર્ટ દ્વારા જોધન વિ, સ્ટેટ ઓફ મધ્યપ્રદેશ ૨૦૧૫(૧૧) એસ.સી.સી.-૫૨**ના ચુકાદામાં પેરા નં.૨૫ અને ૨૬ મા ઠરાવેલ છે કે, હિત ધરાવતા સાહેદના પુરાવામાથી તેનો આરોપીને સંડોવી દેવા માટેનો ઈરાદો ધરાવતો હોય તો તેવા સાહેદના પુરાવા ઉપર આધાર રાખતા પહેલા અન્ય સમર્થનકારક પુરવો રેકર્ડ ઉપર છે કે કેમ ? તે કોર્ટે ચકાસવાનુ રહે છે.

**૨૫.૨** **નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા હેમરાજ વિગેરે વિ. સ્ટેટ ઓફ હરીયાણા ૨૦૦૫ (૧૦) એસ.સી.સી. ૬૧૪** ઉપરના ચુકાદામાં ઠરાવેલ છે કે, ઈજા પામનાર સાહેદનો પુરાવો અન્ય સાહેદના પુરવા કરતા વધારે મહત્વની છે અને ખુબ જ પ્રબળ કારણો સિવાય તેના પુરાવાને નકારી શકાય નહી.

**૨૬.** આ કામે આરોપી સામે એ મતલબનુ તહોમત મુકવામા આવેલ છે કે, આ કામના આરોપીઓએ સહ આરોપીઓ સાથે મળી પોતાના સામાન્ય ગુનાહિત ઈરાદો પાર પાડવા માટે તા. ૦૧-૦૪-૧૯૯૨ ના રોજ ક. ૧૬-૦0 વાગ્યે ખજુરીયા ગામે ગેરકાયદેસર મંડળી બનાવી તે મંડળીના સભ્ય તરીકે તીરકામઠાં જેવા મારક હથીયાર ધારણ કરી બકરા ચોરીમા નામ આપેલ તે બાબતની અદાવત રાખી ફરીયાદી અને સાહેદો ઉપર તીર કામઠાથી હુમલો કરતા કાળીયા મેઘજી પલાસને તીર વાગતા તેઓનુ મોત નિપજાવેલ અને ફરીયાદી રેશમેબનના ગળામાથી ચાંદીની હાંસડીની લુંટ લઈ આરોપીઓએ ભારતીય દંડ સંહિતાની કલમ ૧૪૩,૧૪૭,૧૪૮,

૧૪૯, ૩૯૬,૩૯૭ તથા બી. પી.એકટની કલમ ૧૩૫ મુજબના શિક્ષાપાત્ર ગુનાઓ આચરેલા છે. ફરીયાદ પક્ષે આરોપીઓ સામે જે તહોમત સંદર્ભે જે પુરાવો રજુ કરેલ છે તેમાં મહત્વના સાહેદ ફરીયાદી રેશમબેન અબજીભાઈ પણ ફરીયાદપક્ષ તરફથી આ કામે તપાસવામાં આવેલા નથી. ફરીયાદપક્ષ તરફથી અન્ય જે સાહેદોનો પુરાવો લેવામા આવેલ છે તેમા સાહેદ શકરાભાઈ જુમલાભાઈ પલાસ (આંક:૨૩) ના પુરાવાનો અભ્યાસ કરીએ તો આ બનાવમા કોણે કાને મારેલ તેની તેમને માહિતી નથી. આ બનાવમા મેઘજી અબજી અને કાળીયા મેઘજીનું મોત થયેલાનુ જણાવે છે પરંતુ તેઓને કયા હથીયાર વડે અને શરીરના કયા ભાગ ઉપર માર મારેલ તેની તેમને માહિતી નથી. તીર મારવાથી આ માણસો મરી ગયેલા કે કેમ તેની તેમને માહિતી નહી હોવાનું જણાવે છે. જયારે સાહેદ ફતીયાભાઈ રસુલભાઈ પલાસ (આંક:૨૪) અને સાહેદ ભારતાભાઈ રસુલભાઈ પલાસ (આંક: ૨૫) ના પુરાવાનુ મૂલ્યાંકન કરીએ તો તેઓએ આ બનાવમાં પથ્થરથી ઈજા થયેલી છે પરંતુ તે ઈજા કોણે કરી તેની તેમને માહિતી નથી તેમજ આ બનાવમાં મેઘજી અને કાળીયો મરી ગયેલાનુ જણાવે છે પરંતુ તેઓ એ કોણે મારેલુ તેના તેમને માહિતી નથી. તેઓએ હુમલો કરવાવાળાને ઓળખેલા નહી હોવાનું જાણાવે છે. સાહેદ નં. ૧૦ રમીલાબેન કાજીયાભાઈ ભુરીયા(આક: ૪૩) નો પુરાવો ધ્યાને લેતાં બનાવ તેણીએ નજરે જોયેલ નહી હોવાનું જણાવે છે. આમ આ તમામ સાહેદોના પુરાવા ઉપરથી ઝઘડાનો બનાવ બનેલાનું જણાઈ આવે છે પરંતુ ઝઘડો શા માટે થયેલો અને તે ઝઘડામાં હાલના આરોપીઓ સામેલ હોય અને તેઓએ ફરીયાદી, સાહેદોને તીર મારો કરી ઈજા કરેલ હોય કે મેઘજીભાઈ અને ફતીયાભાઈને તીર મારી ઈજા કરી તેઓનું મૃત્યુ નિપજાવેલ હોય તેવી કોઈ હકીકત આ સાહેદોના પુરાવામાથી નિકળી આવતી નથી. આ તમામ સાહેદોના પુરાવા આધારે હાલના આરોપીઓની બનાવના સમયે અને સ્થળે હાજરી પ્રસ્થાપિત થતી નથી. તમામ પંચો હોસ્ટાઈલ થયેલા હોઈ

પંચોના પુરાવાથી પંચનામાની હકીકતો પુરવાર થયા વિનાની રહેલ

**૨૭.** ફરીયાદપક્ષ દ્ધારા જે સાહેદોનો પુરાવો રેકર્ડ ઉપર રજુ કરવામાં આવેલ છે તેમા શકરાભાઈ જુમલાભાઈ પલાસ (આંક: ૨૩), ફતીયાભાઈ રસુલભાઈ પલાસ (આક: ૨૪), ભારતાભાઈ રસુલભાઈ પલાસ (આંક:૨૫)નાઓ ફરીયાદપક્ષના કેસ મુજબ નજરે જોનાર સાહેદો છે. પરંતુ તેમના પુરાવાથી તેઓએ ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન કરેલ હોય તેવી કોઈ હકીકત નિકળી આવતી નથી. આ તમામ સાહેદોના પુરાવાથી આરોપીઓએ આ ગુના સાથે સાંકળતો કોઈ પુરાવો નિકળી આવતો નથી તેથી અદાલતે એવું જોવાનું રહે કે, રેકર્ડ ઉપર અન્ય જે પુરાવો સાંયોગીક/સંજોગો આધારીત પુરાવાથી આરોપીઓ સામેનો ગુનો પુરવાર થાય છે કે કેમ ? મેડીકલ એવીડન્સથી ઈજા પામનારાઓને ઈજા થયેલાનું પુરવાર થાય છે પરંતુ આ ઈજાઓ હાલના આરોપીઓએ પહોંચાડેલ હોય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. તપાસ દરમ્યાન પોલીસ દવારા ગુનામા વપરાયેલ હથીયારો પંચનામાની રૂએ કબજે કરવામાં આવેલા છે પરંતુ સદર હથીયારો ઉપર લોહીના ડાઘા મળી આવેલા નથી અને તેથી આ હથીયારોનો ઉપયોગ ખરેખર આ ગુનામા થયેલ છે કે કેમ તે શંકાસ્પદ બની રહે છે.

**૨૮.** આ કામે ફરીયાદપક્ષ તરફથી તપાસવામાં આવેલા સાહેદોના પુરાવાથી ફરીયાદપક્ષના કેસને લેશમાત્ર સમર્થન મળેલ નથી. તેઓના પુરાવામાથી હાલના આરોપીની ઓળખ સંદર્ભે આરોપી હથીયાર સાથે આવેલા હોય તે સંદર્ભેનો કોઈ પુરાવો નિકળી આવતો નથી. બનાવ વખતે હાલના આરોપી હથીયાર સાથે આવેલા હોય અને તેઓએ ફરીયાદી કે અન્ય સાહેદોને ઈજા પહોંચાડેલ હોય તથા તેઓની પાસેથી કોઇ મુદ્દામાલ રીકવર કરેલ હોય તેવો કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. ફરીયાદપક્ષ તરફે જે પુરાવો રજુ કરવામાં આવેલ છે અને આરોપી સામે જે તહોમત

મુકવામા આવેલ છે તેનું મૂલ્યાંકન આ અદાલત દ્વારા ઉપર ચર્ચા કરી તે મુજબ કરવામાં આવેલ છે અને તે પછી આ અદાલત એવા તારણ ઉપર આવે છે કે, ફરીયાદપક્ષ આરોપીઓએ ગુનાહિત કાવતરુ ઘડેલું અને તે કાવતરાના ભાગરૂપે આરોપીઓએ સહઆરોપીઓ સાથે મળી પોતાના સામાન્ય ગુનાહિત ઈરાદો પાર પાડવા માટે તા.૦૧-૦૪-૧૯૯૨ ના રોજ ક.૧૬-૦૦ વાગ્યે ખજુરીયા ગામે ગેરકાયદેસર મંડળી બનાવી તે મંડળીના સભ્ય તરીકે તીરકામઠા જેવા મારક હથિયાર ધારણ કરી બકરા ચોરીમા નામ આપેલ તે બાબતની અદાવત રાખી ફરીયાદી અને સાહેદો ઉપર તીર કામઠીથી હુમલો કરતા કાળીયા મેઘજી પલાસને તીર વાગતા તેઓનુ મોત નિપજાવેલ અને ફરીયાદી રેશમેબેનના ગળામાંથી ચાંદીની હાંસડીની લુંટ કરેલી તેવુ સાબીત માની શકાય તેવો સચોટ અને માનવાલાયક પુરાવો રેકર્ડ ઉપર લાવી શકેલ નથી અને આરોપી સામેનુ તહોમત સાબીત કરવામા નિષ્ફળ નિવડેલા હોઈ તેથી મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં.૨ અન્વયે નીચે મુજબ આખરી હુકમ કરવામા આવે છે.

## :: <u>આખરી હુ ક મ</u> ::

(૧) **બી.એન.એસ.એસ.ની કલમ-૨૭૧(૧)** અન્વયે આ કામના આરોપી **મડીયાભાઇ ઉર્ફે નુરીયા સમસુભાઇ સંગાડીયા, રહે. આંબલી ખજુરીયા, ખાડા ફળીયા, તા.ગરબાડા, જી.દાહોદ**નાઓને ભારતીય દંડ સંહિતાની કલમ–૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૯૬, ૩૯૭ તથા બી.પી. એકટની કલમ–૧૩૫ મુજબના શિક્ષાનેપાત્ર ગુન્હામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) **બી. એન. એસ. એસ. ની કલમ-૪૮૧** ની જોગવાઈને આધીન આરોપીએ આ હુકમ ઉપર નામદાર ગુજરાત હાઈકોર્ટમાં અપીલ થાય તો હાજર રહેવા આરોપીએ રૂા.૧૦,૦૦૦/-(અંકે રૂપિયા દસ

હજાર પુરા) ના જાત જામીન તથા તેટલી રકમના જાતમુચરકાના જામીન અપીલ સમય સુધીના અત્રેની કાર્ટમાં રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા.૦૬ઠ્ઠી માહે-માર્ચ, સને-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તા. ૦૬/૦૩/૨૦૨૬**
**દાહોદ.**

**( સંદિપસિંહ જી.ડોડીયા )**
**ત્રીજા એડીશ્નલ સેશન્સ જજ**
**દાહોદ.**
**UIC NO GJ-00902**

*J.D.Barot*